# ચોવીસ ગામના લેઉવા પાટીદારોનો

# ઠરાવ.



સંવત ૧૯૭૮ નાં મહા સુદી ૧૫

છપાવી પ્રસિદ્ધ કરનાર

પંચ એટલાના ગોર

પાઠક નરોતમ ગિરિજાશંકર

ગામ પીપલાતા. તા. નડીઆદ

પ્રત ૨૦૦ - સને ૧૯૨૨ આવૃતિ ૧ લી

ધી શારદા વિ. પ્રીં. પ્રેસમાં શા. હરજીવનદાસ અમરસી
એ છાપી નડીઆદ

કીંમત ૦-૪-૦

# લેઉવા પાટીદારના ચોવીસ ગામના પંચના

# ઠરાવની યાદી.

સંવત ૧૯૭૮ ના મહા સુદિ ૧૩ ને રોજ ચોવીસ ગામનું પંચ ભેગુ થયુ, તે ગામની યાદીઃ-

| | | | | |
|---|---|---|---|---|
| ૧ પાડગોલ | ૬ વળેટવા | ૧૧ મિત્રાલ | ૧૬ મંજીપુરા | ૨૧ કણજોડા |
| ૨ પોરડા | ૭ કેરીઆવી | ૧૨ દાવડા | ૧૭ પેટલી | ૨૨ ડુમરાલ |
| ૩ વડતાલ | ૮ પીપલાતા | ૧૩ સંઘાણા | ૧૮ વલાસણ | ૨૩ હાથરોલી |
| ૪ ગુતાલ | ૯ કરોળી | ૧૪ બામણોલી | ૧૯ વાલ્લા | ૨૪ નવાગામ |
| ૫ આખડોલ | ૧૦ થલાંડી | ૧૫ બીલોદરા | ૨૦ ભૂમેલ | |

ઉપર લખેલા ગામોના લેઉવા પાટીદારોના પંચના એકડા ચાલે છે તે પંચમાં નીચે લખેલા ઠરાવો પ્રમાણે વર્તવા નક્કી કર્યું છે. ઠરાવો નીચે પ્રમાણે છે.

૧ કન્યા વિક્રય કરવો નહી, વિરૂદ્ધ વર્તનારનો પંચની નજરમાં આવે તેટલો દંડ કરવો.

૨ કોઇએ એકડા બહાર કન્યા આપવી નહી અને આપે તો તેને ફરી પંચમાં દાખલ કરવો નહિ, ખાસ મદદ કરનાર શખ્સ નો રૂા. ૫૦૧) અંકે પાંચસો ને એક દંડ લેવો અને બીજા જોડમાં રહેનાર દરેકના રૂા. ૧૦૧) અંકે એકસો એક દંડ લેવો

૩ પંચના હીત ખાતર પંચ બોલાવવામાં આવેતો ખર્ચ પંચ ને શીર છે, પણ કોઇ ગામ ગુનેગાર ઠરવાથી તે ગામ પંચ ને જવું પડે તો તે ખર્ચ ગુનેગારને શીર છે.

૪ પંચ ભેગુ કરવા સારૂ ગોર કંકોતરીઓ લખે તો કંકોતરીમાં જે પ્રમાણે લખ્યુ હોય તે પ્રમાણે વર્તવું ન વર્તે તો રૂા. ૫) દંડ લેવામાં આવશે.

૫ કોઇ ગામની કન્યા તેજ ગામ મુકી બીજે ગામ લઈ જઈ પરણાવવી નહી છતાં ગુનો કરેતો રૂા. ૨૦૧] અંકે બસોને એક દંડને પાત્ર છે, કદી બહાર ગામ લઇ જઇ પરણાવવાની જરૂર પડેતો પાડોશી પાંચ ગામના મેમ્બરોની પરવાનગી લેવી.

૬ વિવાહના કાર્ય વખતે આંઠ કન્યા પાસે પીરસાવવી નહિ, તથા ગણપતિ પુજન વખતે અટકાવ કરવો નહિ. અને વરના બાપે કન્યાના ગામમાં લહેણું કરવુ નહિ સૌભાગ્યવંતી માટે પ્યાલા તથા નાળીએર લાવવાં, ભૂ દક્ષિણા માટે ત્રણ જમણ રાખે તે પંદર રૂા સુધી લઇ શકે અને બે જમણવાળો રૂા. ૭) અંકે સાત લઈ શકે. આ કલમ વિરૂદ્ધ વર્તે તેની પાસેથી ગુનાદીઠ રૂા. ૨૫) અંકે પચીસ લેવામાં આવશે.

૭ જાનમાં બીલવાજાં તથા દારૂખાનુ બીલકુલ લઇ જવું નહિ વિરૂદ્ધ ચાલનાર પાસેથી રૂા. ૧૦૧) અંકે એક સો એક લેવામાં આવશે.

૮ આપણા પંચના ગામોમાંથી કોઈપણ સ્ત્રી અથવા પરણાવેલી દીકરીએ ખેતરમાં જવું નહિ, વિરૂદ્ધ વર્તનાર પાસેથી રૂા. ૫) અંકે પાંચ લેવામાં આવશે, તદન ગરીબ સ્થિતિને માટે વિધવા ને સીમમાં જવાની છૂટ આપવાને ગામના આગેવાનોને અધિકાર છે. આ કલમ પંચના બારોટને આપવામાં આવેલી છે, તો તે દરેક ગામમાં ફરી ગુના પકડે, તે બદલ દરેક ગુના દીઠ રૂા ૧] બારોટને અને રૂા ૪] પંચમાં જમા થશે.

૯ દરેક માણસે સોથી વધારે માણસો જાનમાં લઈ જવાં નહિ તથા વેન દશથી વધારે લઈ જવાં નહિ, એકજ ગામના બે વર હોય તો માણસ તથા વેનનો દોઢો સમાવેશ થઇ શકશે વિરૂદ્ધ વર્તનાર રૂા. ૧૦૧] અંકે એકસોનેએક દંડનેપાત્રછે

૧૦ પંચના ગોર તથા બારોટ આ ઠરાવ બાબતમાં કોઇ માણસને ત્યાં ઊઘરાણી જાય, સો તેમના હાથની પહોંચ લઇ રૂા. આપવા.

૧૧ ચાલતા પંચમાં કોઇ પણ નવીન ગામ દાખલ કરવું નહિ.

૧૨ બહાર રહેલા જુના માણસોને હવે દાખલ કરવા નહિ, અને દાખલ કરવા પડે તો તે ગામના તમામ માણસોની પરવાનગી સિવાય અને બાવીસ ગામના આગેવાનો સિવાય તેને દાખલ કરવા નહિ, અને દાખલ કરવા માટે તેમની પાસેથી જુના રિવાજ પ્રમાણે રકમ તથા કન્યા પંચમાં પરણાવી દે ત્યારે પંચમાં લેવા.

૧૩ આપણા પંચમાંથી જે નીકળી ગએલા માણસો હોય તેમની સાથે સારે નરસે પ્રસંગે વહેવાર કરવો નહિ, વિરૂધ્ધ વર્તના ર રૂા. ૫૧) અંકે એકાવન દંડને પાત્ર છે.

૧૪ આપણી નાતને કલંક લગાડે, તેવાં પગલા ભરનારને નાતથી દૂર કરવો દાખલ થાય ત્યારે રૂા. ૫૧) અંકે એકાવન દંડ લેવો.

૧૫ કોઇ માણસે એક ઉપર બીજી કન્યા પરણવાની નહિ તેમ છતાં પરણેલી સ્રીની ઉમ્મર વરસ ૨૮] અંકે અઠ્ઠાવીસની થાય, બાદ તેને ફરજન થાય નહિ તો તેને ફરી લગ્ન કરવાની છૂટ છે. વિરુધ્ધ વર્તનાર પાસેથી રૂા. ૫૦૧) અંકે પાંચસોને એક દંડ લેવો અને કન્યાના બાપ પાસે રૂા. ૩૦૧] અંકે ત્રણસોને એક દંડ લેવો.

૧૬ આપણા પંથમાં વરકન્યાની સગાઇના રૂપીઆ આપે તે વખતે કન્યા કરતાં વરની ઉંમર એક વરસથી બે વરસ સુધી ની પણ વધારે હોવી જોઇએ. આ બાબત ગોરને ચોપડે પાકો દાખલો વરકન્યા વાળાઓએ નંધાવવો જોઇએ. નંધાવ્યા પછી વિવાહ એટલે સગાઇનો ભંગ કરશે, તેનો રૂા. ૧૦૧)

અંકે એકસોને એક દંડ લેવામાં આવશે, બંને પક્ષમાંથી જે વિવાહ ભાગે, તે દંડને પાત્ર છે. કદાચ સગાઇ કર્યા પછી વરકન્યામાં કંઇ મુદ્દાની ખોડ આવે, તો તે ફેર બદલ કરવા પંચની પરવાનગી લેવી, એટલે વરકન્યાના ગામના પંચની સલાહ લઇ બંધ રાખે, અને બીજી જગાએ વિવાહ કરે

૧૭ આપણા પંચમાં કોઈપણ માણુસ કન્યા વાળો કન્યા બહાર કાઢશે, એવો શક આવતો હોય તો તેના ઘરમાં કોઇએ કન્યા આપવી નહિ, પોતાની કન્યા પરણાવે ત્યાર પછી, તેને કન્યા આપવાની છુટ છે. તેમ છતાં કન્યા આપે તો તેની પાસેથી એટલે કન્યાના બાપ પાસેથી રૂા. ૧૦૦૧] અંકે એક હજારને એક દંડ લેવો.

૧૮ વિવાહ સંબંધમાં વરકન્યાને ખાદીનો ડ્રેસ કરાવવો, તેમ સગાઇની માટલી મોકલે તેની ઉપર પણ ખાદીજ બાંધવી આ પ્રમાણે ના વર્તે તેના વિવાહમાં જવું નહી અને જાયતો દરેક ઘેરથી રૂા. ૨૫) અંકે પચીસ લેવા માટલાં પણ કાચા કરવાં પાકાં કરવાં નહિ.

૧૯ દરેક ગામના મેમ્બરો પોતાના ગામનો ગુનોગોરને લખી જણાવવો. જે નહિ લખી જણાવેતે ગુનેગાર ગણાશે.

૨૦ ઉપરના કાનુનો ઘડનાર મેમ્બરોની યાદી.

## ૨૧. ઉપરના કાનુનો ઘડનાર મેમ્બરોની યાદી.

| | |
|---|---|
| પા. ચતુરભાઈ દેસાઈભાઈ | પીપળાતા. |
| પા. છગનભાઈ વાઘજીભાઈ | ,, |
| પા. ચતુરભાઈ નાથાભાઈ | દેવીઆવી |
| પા. હાથીભાઈ દવારકાંદાસ | વડતાલ |
| પા. નાથાભાઈ કાશીભાઈ | કરોળી |
| પા. સોમાભાઈ ગલાભાઈ | ગુતાલ |
| પા. ભાઈલાલભાઈ સવદાસ | પાડગોલ |
| પા. તળસીભાઈ શંકરભાઈ | ભૂમેલ |
| પા ઊમેદભાઈ શામળભાઈ | દાવડા |
| પા ધનજીભાઈ જીભાઈ | કંજોડા |
| પા ડાહ્યાભાઈ દવારકાંદાસ | વણોટવા |
| પા ગીરધરભાઈ શંકરભાઈ | પેરડા |
| પા કાશીભાઈ ~~શંકરભાઈ~~ [illegible] | થલાંદી |
| પા મોતીભાઈ ઝવેરભાઈ | ચેટલી |
| પા. શંકરભાઈ વરજભાઈ | વલાસણ |
| પા. મંગળભાઈ ભગવાનભાઈ | સંધાણા |
| પા ઝવેરભાઈ નાથાભાઈ | ઈસ્રાલ |
| પા. તળશીભાઈ કાશીભાઈ | બામરોલી |
| પા પા.મુળજીભાઈ દાદાભાઈ | ડુમરાલ |
| પા. શોમાભાઈ નરોતમદાસ | આખડોલ |

## ૨૨. આપણાં પંચમાં સરપંચના મેમ્બરોના નામ.

૧ કુબેરભાઈ નાગરદાસ
૨ શંકરભાઈ મંગળદાસ
૩ મરઘાભાઈ રામદાસ
૪ ઝવેરભાઈ અંજુભાઈ
૫ ગોવીંદભાઈ દેશાઈભાઈ
૬ ગલાભાઈ કાશીભાઈ
૭ નારણભાઈ રણછોડભાઈ
૮ બહેચરભાઈ ઓતમદાસ
૯ બાબરભાઈ પરભુદાસ
૧૦ જીવાભાઈ રણછોડભાઈ
૧૧ ડુંગરભાઈ રણછોડભાઈ
૧૨ રામદાસ વેણીદાસ
૧૩ મથુરભાઈ ઘેરીભાઈ
૧૪ લલ્લુભાઈ નાગરદાસ
૧૫ નારણભાઈ મેકનદાસ
૧૬ મોતીભાઈ લલ્લુભાઈ

**કણજોડા**

મંગળભાઈ ડુંગરભાઈ
ઉમેદભાઈ વાઘજીભાઈ
ધનજીભાઈ જીભાઈ
મંગળભાઈ ભાઈબા
પુંજાભાઈ બહેચરભાઈ

**વળેટવા**

નાથાભાઈ સોમાભાઈ
ધુળાભાઈ શંકરભાઈ
મંગળભાઈ મથુરભાઈ

**આખડોલ**

ઝવેરભાઈ લલ્લુભાઈ
દેસાઈભાઈ નરોતમદાસ
સોમાભાઈ કાલીદાસ
બહેચરભાઈ રણછોડભાઈ

**પોરડ**

ગીરધરભાઈ શંકરભાઈ
મોતીભાઈ દેશાઈભાઈ
દ્વારકાદાસ વેણીદાસ

**થલાંદી**

હરમાનભાઈ સંકરભાઈ
ચુનીલાલ લલ્લુભાઈ
મોતીભાઈ શામળભાઈ
રનાભાઈ શંકરભાઈ
નરસીંહભાઈ રામદાસ

**ડુમરાલ**

મુળજીભાઈ દાદાભાઈ
નરસિંહભાઈ તળજાભાઈ
ચુનીલાલ પરભુદાસ

**સંધાણા** — બાબરભાઈ મનોરભાઈ
જોઈતાભાઈ તળશીભાઈ
દેશાઈભાઈ લક્ષ્મીદાસ

~~**આમસોલી**~~

~~તળશીભાઈ હરીભાઈ~~

~~**મંજીપુરા**~~

~~દેસાઈભાઈ વેણીદાસ~~
~~પુંજાભાઈ શવદાસ~~
~~ધુળાભાઈ પરભુદાસ~~

**બીલોદરા**

ઝવેરભાઈ લલ્લુભાઈ
ખોડાભાઈ શોમાભાઈ

**હાથણોલી**

જેઠાભાઈ મુળજીભાઈ

**વલાસણ**

જેઠાભાઈ દાદાભાઈ
મોતીભાઈ અજુભાઈ
શંકરભાઈ દાદાભાઈ
શંકરભાઈ વરજભાઈ

~~**વાલ્લા**~~

~~મોતીભાઈ દાજીભાઈ~~
~~રણછોડભાઈ સોમાભાઈ~~

**નવાગામ**

આવાજી દેશાઈભાઈ
હાથીભાઈ મોતીભાઈ
રામદાસ ભટજી

૨૪ અમો સરપંચ નીચે સહીઓ કરનાર આ ઠરાવ લખીએ છીએ કે પાડગોલ, પીપલાતા, વડતાલ, કેરીઆવી, વળેટવા, વિગેરે બાવીસ ગામના લેઉઆ પાટીદારોના એકડા ચાલેછે, તેમાં પાડગોલ મુકામે સંવત ૧૯૭૮ ના મહા સુદી ૧૩ ને રોજ નવી કાનુનો ઘડી, તે કાનુનોમાં લખ્યા પ્રમાણે અમલ કરવાનો હક પાઠક નરોતમ ગિરિજાશંકર તથા બારોટ પરધુ કુબેરભાઇને સોંપ્યો છે, અને તેમના ઉપર પૂર્ણ તપાસ રાખી નાણાનો વહીવટ રાખવાને આપણા પંચના ડાહ્યાભાઇ દ્વારકાંદાસ વળેટવાના તથા પા ભાઇલાલભાઈ સવદાસ પાડગોલના તથા માધવભાઈ નાથાભાઈ પીપલાતાના તથા ઝવેરભાઇ બાબરભાઇ કેરીઆવીના તથા પા પુનમભાઇ કાલીદાસ ગુતાલના, આ પાંચે માણસોને સોંપવામાં આવ્યુ છે, એવો ઠરાવ કરીએ છીએ. સંવત ૧૯૭૮ ના મહા સુદી ૧૫.

૨૫ આપણા પંચમાં ગોર તથા બારોટને કામ કરવા નીમેલા છે. તેમને વરકન્યાએ રૂા. સવાબે આપવા, તેમાં રૂા. ૧। ગોરને તથા રૂા. ૧ બારોટે લેવો એ રીતે રૂા. સવાબે વરના બાપ પાસેથી લેવા ઠરાવ કર્યો છે. સં. ૧૯૭૮ ના મહા સુદી ૧૫

પા. ડુંગરભાઇ રણછોડ ૧૮ સ. ૬ પો પા કુબેરભાઇ નાગરદાસ સ. ૬, પો,
,, ઝવેરભાઇ અજુભાઇ ,, ,, ,, ,, જીવાભાઇ રણછોડભાઇ ,, ,,
,, બાબરભાઇ પરભુદાસ ,, ,, ,, ,, ગલાભાઈ કાશીભાઈ ,, ,,
,, બહેચરભાઈ આતમદાસ ,, ,, ,, ,, જીવાભાઇ રણછોડદાસ, ,, ,,

૨૬ ઉપરની કાનુનોમાં પંચના ગુનેગાર પાસેથી જે રકમ લેવાનુ ઠરાવ્યુ છે, તેનુ નામ દંડ આપ્યું છે પણ દંડ નહિ, પણ તેના કસુર બદલ પંચને એ રકમ લેવાનો હક્ક છે.

૨૭ ઉપરના ઠરાવો ઘડનાર તથા તેને અમલમાં મૂકનાર તથા તેનો વહીવટ કરનાર તથા દરેક ગુનાનો ઈન્સાફ કરનાર આ ચોપડીમાં ઉપર જેનાં નામ આવી ગયાં છે, તે તથા ઈન્સાફ વખતે કોઈ વધારાનો માણસ મળે તો તેમણે ઈન્સાફ કરવામાં કોઇપણ જાતની શરમ, ભરવી નહિ કે દ્વાદાસ્તી રાખવી નહિ ને રાખે તો તેને શ્રી અંબાજી જગદંબાજી દુભે

૨૮ દરેક ગામમાં ગોર તથા બારોટને આપવાની રકમ તે હાજર ન હોય તો મેમ્બરોએ પોતાની પાસે લઈ રાખી મુકવી.